क्रांतिगुरु श्यामजी कृष्णवर्मा

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org
ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ A.C.- Minuets -10th May'1# /૨૦૧૨-૧૩ / ૬૦૭ થી ૬૩૨

તા. ૧૦/૦૬/'૧૩

**વિષય :** તારીખ ૧૦મી મે ૨૦૧૩ રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ ઍકડેમિક કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તારીખ ૧૦મી મે ૨૦૧૩ રોજ મળેલ ઍકડેમિક કાઉન્સિલ મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ મોકલવામાં આવે છે જેમાં થયેલ ઠરાવ અન્વયેની કાર્યવાહીની નોંધ લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

# ઍકડેમિક કાઉન્સિલનાં સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલય ખાતે તારીખ ૧૦મી મે ૨૦૧૩નાં રોજ સવારે ૧૧ : ૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ:

આજ રોજ તારીખ ૧૦મી મે ૨૦૧૩નાં સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે ઍકડેમિક કાઉન્સિલની બેઠક માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા અધ્યક્ષશ્રી દ્વારા સૌના આવકાર સાથે આજની આગળની કાર્યવાહીની શરૂઆત કરી હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. ટી.આર. હાથી | હાજર |
| ૨. | પ્રો.ડાં.શ્રી બી. એસ.પટેલ | હાજર |
| ૩. | પ્રો. ડાં. શ્રી પી.એન. દવે | ગેર હાજર |
| ૪. | ડાં. શ્રી પી.એસ.હિરાણી | હાજર |
| ૫. | ડાં. શ્રી જી.વી.કેસરી. | ગેર હાજર |
| ૬. | પ્રો. ડાં. ડી. સી. ધોળકિયા | હાજર |
| ૭. | ડાં. શ્રી એમ.જી. ઠક્કર | ગેર હાજર |
| ૮. | ડૉ.શ્રી કે. એમ. ત્રિવેદી | ગેર હાજર |
| ૯. | શ્રી સી.પી.પટેલ. | હાજર |
| ૧૦. | ડૉ.શ્રી એચ.ડી.રવીયા | હાજર |
| ૧૧. | શ્રી એ.પી.મહેતા | હાજર |
| ૧૨. | શ્રીમતિ સોનલ ટી. વૈશ્નવ | ગેર હાજર |
| ૧૩. | શ્રી પી.સી.શાહ | હાજર |
| ૧૪. | ડાં.શ્રી એ.એચ.ગોર | હાજર |
| ૧૫. | ડાં. શ્રી એલ.વી.ફફલ | હાજર |
| ૧૬. | ડાં.શ્રી એસ.જી.ધર્માણી | હાજર |
| ૧૭. | શ્રી એન.આર.ભગતાણી | ગેર હાજર |
| ૧૮. | શ્રી બી.વી.વ્યાસ | ગેર હાજર |
| ૧૯. | ડાં. શ્રી અર્ચના પી.ઉપાધ્યાય | હાજર |
| ૨૦. | શ્રી પી. ડી. ઉદેશી | ગેર હાજર |
| ૨૧. | ડાં. શ્રી જે.એચ.દક્ષિણી | ગેર હાજર |
| ૨૨. | ડાં. જી.એન.બક્ષી —કાર્યકારી કુલસચિવ | હાજર |

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

ગત તારીખ ૨જી મે ૨૦૧૨ના રોજની સભા મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ, જે સંદર્ભે ડાં.શ્રી એ.એચ.ગોર – વ્યાખ્યાતા, વિજ્ઞાન વિદ્યાશાખા દ્વારા, મુદ્દા નંબર ૦૮ અંતર્ગત અધ્યક્ષ સ્થાનેથી થયેલ રજૂઆત ક્રમાંક (૦૩) સંબંધે થયેલ ચર્ચા વિચારણા બાદ થયેલ ઠરાવ ક્રમાંક : ૧૦ : અંતર્ગત ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમી અન્વયે ત્રણ વર્ષ પાસ કરનાર વિદ્યાર્થીને સ્નાતકની પદવી એનાયત કરવાની રહે છે, માટે હાલે ચાલતા એમ.બી.એ. –ઈન્ટિગ્રેટેડના ત્રણ વર્ષ પાસ કરનાર વિદ્યાર્થીને બી.બી.એ.(બેચલર્ ઓફ

પાના નં. : ૨ : પર.

બીઝનેશ એડમિનીસ્ટ્રેશન) તથા એમ.એસસી. –સી.એ. એન્ડ આઈ.ટી.–ઈન્ટિગ્રેટેડના અભ્યાસક્રમના ત્રણ વર્ષ પાસ કરનાર વિદ્યાર્થીને બી.એસસી.–સી.એ. એન્ડ આઈ.ટી ની સ્નાતક પદવી એનાયત કરવાની રહે છે તેવી ભલામણ કરવામા આવેલ હતી, પરંતુ ગત સભાની મિનિટ્સ –નોંધમા બી.સી.એ.(બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન)ની પદવી એનાયત કરવા ભલામણ કરવામાં આવેલ છે તેવુ દર્શાવવામા આવેલ હોઈ સદર બાબતે સુધારણા કરવા અગાઉ કરેલ લેખીત રજૂઆત તથા આજ રોજ કરેલ ફેર રજૂઆતને ધ્યાને લઈ યોગ્ય સુધારો કરવા નિયત કરવામા આવ્યુ.

વધુમા ગત સભાના મુદ્દા નંબર ૦૮ અંતર્ગત અધ્યક્ષ સ્થાનેથી થયેલ રજૂઆત ક્રમાંક (૦૨) મુજબ થયેલ ચર્ચા બાદ, સ્નાતક કક્ષાએ શરૂ કરવામા આવેલ 'એન્વાયરમેન્ટલ સાયન્સ' અભ્યાસક્રમ માટે વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ – ૧૨ પાસની પ્રવેશની લાયકાત મુકરર કરવામાં આવેલ છે, જે સુધારણા કરી સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવા માટે અભ્યાસક્રમ (Syllabus)માં યોગ્ય ફેરફાર તથા આ બાબતે યોગ્ય વિચારણા હાથ ધરીને પ્રવેશ લાયકાતનાં ધોરણો સુધારી શકાય કે કેમ? તે અંગે યોગ્ય તપાસ હાથ ધરવા માટે એક સમિતિની રચના કરવામા આવેલ હતી જેનો અહેવાલ રજૂ કરવામા આવતા તે સંબંધે કોઈ સ્પષ્ટ ભલામણ સમિતિએ કરેલ ન હોય, ફેર ચર્ચા હાથ ધરવામા આવેલ હતી તે મુજબ,ડૉ.શ્રી એ.એચ. ગોર – વ્યાખ્યાતા, વિજ્ઞાન વિદ્યાશાખા અને કાર્યકારી આચાર્ય, સરકારી વિજ્ઞાન કોલેજ,માંડવીએ જણાવેલ હતુ કે,કેટલાક વિષયો જો 'એન્વાયરમેન્ટલ સાયન્સ' અભ્યાસક્રમમા ઉમેરવામા આવે તો, ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહમા પાસ થયેલ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાય તથા અન્ય યુનિવર્સિટીના સદર વિષય સંબંધિત અભ્યાસક્રમો તથા વિષયોની વિગતવાર છણાવટ તેઓએ કરી હતી, સાથે સાથે જણાવેલ હતુ કે ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ કરનાર વિદ્યાર્થીએ પણ 'એન્વાયરમેન્ટલ સાયન્સ' વિષય સંબંધે કોઈ અભ્યાસ કરેલ હોતો નથી વળી હાલે, વિષયો સંબંધે ગ્રૃપ પધ્ધતિ પ્રવર્તમાન છે. અન્ય સભ્યશ્રી ડૉ.પી.એસ.હિરાણી–ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખાએ, સદર બાબતે ફેરફાર કરતા સમયે સ્નાતક થયેલ વિદ્યાર્થીઓના ભવિષ્ય બાબતે પણ વિચારણા કરવી ઘટે તેવુ સૂચન કરેલ હતુ. આમ સમગ્ર ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u> ગત તારીખ ર૭ી મે ૨૦૧૨ના ના રોજની સભાની મિનિટ્સ –નોંધના મુદ્દા નંબર ૦૮ અંતર્ગત અધ્યક્ષ સ્થાનેથી થયેલ રજૂઆત ક્રમાંક (૦૩) સંબંધે થયેલ ઠરાવ ક્રમાંક : ૧૦ : અન્વયે શરતચૂકથી થયેલ ભુલ સુધારીને એમ.એસસી. –સી.એ. એન્ડ આઈ.ટી.–ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમના ત્રણ વર્ષ પાસ કરનાર વિદ્યાર્થીને બી.એસસી.–સી.એ. એન્ડ આઈ.ટી ની સ્નાતક પદવી એનાયત કરવા સંબંધિત સુધારો ગ્રાહ્ય રાખવો.**

**વધુમા, સ્નાતક કક્ષાએ ચાલતા 'એન્વાયરમેન્ટલ સાયન્સ' અભ્યાસક્રમમા જો સામાન્ય પ્રવાહ સાથે ધોરણ –૧૨ પાસ કરેલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો થતો હોય તો, છ સેમેસ્ટરના તમામ વિષયોના અભ્યાસક્રમો(Syllabus) માટે યોગ્ય સુધારણા વિજ્ઞાન વિદ્યાશાખા કરે અને તે માનનીય કુલપતિશ્રી સમક્ષ રજૂ કરવામા આવ્યે તે સંબંધિત આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોપવામા આવે છે.આ સમગ્ર કાર્યવાહી નોંધને આથી સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**

પાના નં. : ૩ : ૫૨.

**૨. યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અન્વયે સેમેસ્ટર પધ્ધતિ તથા Choices Based Credit System (CBCS)નાં અમલીકરણ અંતર્ગત આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટેનાં અભ્યાસક્રમો ( Syllabus) બહાલ રાખવા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :**

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હીની ગાઈડ લાઈન મુજબ, વિવિધ વિદ્યાશાખાનાં સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સેમેસ્ટર પધ્ધતિ તથા Choices Based Credit System (CBCS) હાલે અમલીકરણમાં છે તે અનુસંધાને, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો ખાતે ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે સેમેસ્ટર પાંચ અને છ (તૃતિય વર્ષ) શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪થી શરૂ થનાર હોઈ તે સંદર્ભે તૃતિય વર્ષના અભ્યાસક્રમો (Syllabus) બોર્ડ ઓફ સ્ટડીસ (**B.O.S.**) દ્વારા તૈયાર કરવામાં આવેલ છે, જે બહાલ રાખવા થયેલ ચર્ચા દરમ્યાન ઉપસ્થિત રહેલ તમામ ડીનશ્રીઓએ તેઓની વિદ્યાશાખાના વિષયો સંબંધે તૈયાર કરેલ અભ્યાસક્રમો (Syllabus)ની સવિસ્તાર માહિતી આપી હતી.

વધુમાં, સેમેસ્ટર ત્રણ, ચાર, પાંચ,અને છના વિદ્યાર્થીઓને ફાઉન્ડેશનના વિષયો આપવાના રહે છે, તે અન્વયે હાલે ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ (બીઓયુ) સાથે થયેલ એમઓયુ મુજબ તે યુનિવર્સિટી દ્વારા ચલાવવામા આવતા ટૂંકાગાળાના અભ્યાસક્રમોને આપણી યુનિવર્સિટીએ ફાઉન્ડેશનના વિષય તરીકે સ્વીકારેલ છે તેને બદલે આપણી યુનિવર્સિટી દ્વારા વિષયો તૈયાર કરી તેના અભ્યાસક્રમો (Syllabus) તૈયાર કરવામા આવે અને તે ફાઉન્ડેશનના વિષયો તરીકે વિદ્યાર્થીઓને આપવામા આવે તેવી રજૂઆત થતાં ડૉ.શ્રી એલ.વી.ફફલ –વ્યાખ્યાતા, શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખાએ સૂચવેલ હતુ કે, અદાણી ગ્રૃપ દ્વારા જોબ ઓર્પચ્યુનીટી તથા સ્કીલ ડેવલ્પપેન્ટ સેન્ટર વિકસાવવામા આવનાર છે તો તેઓ દ્વારા ઓફર કરવામા આવનાર ટૂંકાગાળાના અભ્યાસક્રમોને ફાઉન્ડેશનના વિષયો તરીકે જો સ્વીકારવામા આવે તો તે સંબંધિત અન્ય તમામ સુવિધાઓ પણ તેઓ પૂરી પાડે તેવી રીતે એમઓયુ કરી શકાય જે અન્વયે થયેલ ચર્ચા મુજબ આવા અભ્યાસક્રમોની ફી વિદ્યાર્થી દીઠ રૂા.૨૦૦/–થી વધુ ન હોવી જઈએ તેવી શરત પણ સામેલ રાખવા સૂચન કરવામા આવતા સદર બાબતે યોગ્ય નિર્ણય લેવા માટે કાર્યકારી કુલપતિશ્રી દ્વારા નીચે મુજબન સભ્યશ્રીઓની બનેલી એક પેટા સમિતિની રચના કરવામા આવી,

૧. શ્રી પરેશ રાવલ
– કાર્યકારી આચાર્ય,શ્રી આર.આર.લાલન કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,ભુજ–કચ્છ.

૨. ડૉ.શ્રી એચ.ડી.રવીયા
– અધ્યક્ષશ્રી, અંગ્રેજી ભાષા ભવન, કેએસકેવી કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ.

૩. શ્રી અમર મહેતા
– અધ્યક્ષશ્રી, કોમ્પ્યુટર સાયન્સ ભવન, કેએસકેવી કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ.

સદર સમિતિનો અહેવાલ આવ્યે ફાઉન્ડેશનના વિષયો સંબંધિત પ્રવર્તમાન વ્યવસ્થામા યોગ્ય ફેરફાર કરવા માટે થયેલ ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

પાના નં. : ૪ : પર.

**<u>ઠરાવ : ૨ :</u> સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સેમેસ્ટર પધ્ધતિ તથા Choices Based Credit System (CBCS)ના અમલીકરણમા અંર્તગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪થી શરૂ થનાર સેમેસ્ટર પાચ અને છ (તૃતિય વર્ષ) માટે વિવિધ વિદ્યાશાખાના જુદા જુદા વિષયોની અભ્યાસ સમિતિઓ (Board Of Studies)એ તૈયાર કરેલ અભ્યાસક્રમો (Syllabus)ને વર્ષ ૨૦૧૩–૧૪ થી અમલીકરણમા મૂકવા માટે સર્વાનુમતે બહાલ રાખવામા આવે છે.**

**વધુમાં, ફાઉન્ડેશનના વિષયો સંબંધે પ્રવર્તમાન વ્યવસ્થામા યોગ્ય ફેરફાર કરવા માટે રચવામા આવેલ સમિતિના અહેવાલ બાદ સદર બાબતે ફેર રજૂઆત કરવી.**

**૩. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ અન્વયેનાં માર્ચ–એપ્રિલ'૨૦૧૩માં યોજાઈ રહેલ પરીક્ષાઓ માટેની પેનલને બહાલી આપવા બાબત :**

યુનિવર્સિટી સંલગ્ન વિવિધ અભ્યાસક્રમો સંબંધે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ અન્વયે યોજવામાં આવી રહેલ જુદી જુદી પરીક્ષાઓ માટે જે તે વિદ્યાશાખાનાં ડીનશ્રીઓ તથા ચેરમેનશ્રીઓ દ્વારા વિષયવાર પેનલો તૈયાર કરવામાં આવેલ છે જેને માનનીય કુલપતિશ્રીએ મંજૂર રાખેલ હોતા તેને બહાલી આપવા થયેલ ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u> ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨ –૧૩ અન્વયે યોજવામાં આવી રહેલ જુદી જુદી પરીક્ષાઓ માટે તૈયાર કરવામાં આવેલ અને માનનીય કુલપતિશ્રી દ્વારા મંજૂર કરાયેલ વિષય વાર પેનલોને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

**૪. યુનિવર્સિટી ખાતે નવા અભ્યાસક્રમો શરૂ કરવા તથા સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ અંગેની કાર્યવાહી બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪થી નવા અભ્યાસક્રમો શરૂ કરવા સંબંધે મળેલ જોડાણ અરજીઓ અંગે ચર્ચા તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ અન્વયે યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ અંગે રજૂ થયેલ જોડાણ અરજીઓ સંબંધે, યોગ્ય કાર્યવાહી હાથ ધરવા ગત તારીખ તારીખ ૪થી જુન ૨૦૧૨ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ : થી મંજૂરી મળતાં હાથ ધરાયેલ કાર્યવાહી અંતર્ગત નિમાયેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલો અંગે ચર્ચા અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ સંદર્ભે યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ જાહેરનામા અન્વયે શિક્ષણ વિભાગને દરખાસ્ત રજૂ કરવા અંગે થયેલ ચર્ચા વિચારણા સાથે સાથે સંલગ્ન કોલેજો માટે શૈક્ષણિક સ્ટાફની ભરતી સંબંધે લાયકાતના ધોરણો તથા તેઓને ચૂકવવામા આવતા વેતન બાબતે રજૂઆત થતાં ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

પાના નં. : ૫ : પર.

**<u>ઠરાવ : ૪ :</u>** **શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪થી નવા અભ્યાસક્રમો શરૂ કરવા સંદર્ભે મળેલ જોડાણ અરજીઓ અન્વયે આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે જયારે શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ સંદર્ભે નિમાયેલ સ્થાજિક તપાસ સમિતિના અહેવાલની વિગતે તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ અન્વયે સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ અંગે આગળની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામા આવે છે.**

**વધુમાં, સંલગ્ન અને સ્વનિર્ભરતાના ધોરણે ચાલતી કોલેજો ખાતે શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવા સંદર્ભે યુ.જી.સી.દ્વારા નિયત કરાયેલ ધારા ધોરણો મુજબ પૂર્ણ લાયકાત ધરાવનારની નિમણૂક 'અધ્યાપક સહાયક' તરીકે કરવામા આવનાર હોય તો, તેવા સંજોગોમા રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ મુજબ સરકારી કોલેજોમા અપાય છે તે મુજબ રૂા. ૧૬,૫૦૦/– પગાર પેટે ફિકસ રકમ ચૂકવવાપાત્ર ચૂકવવાપાત્ર થશે,**

**જયારે યોગ્ય પ્રયત્નો બાદ પણ નિયત અને પૂર્ણ લાયકાત ધરાવનાર ઉમેદવાર ઉપલબ્ધ ન હોય તો, તેવા સંજોગોમાં યુ.જી.સી. દ્વારા નિયત કરાયેલ ધારા ધોરણો મુજબની પૂર્ણ લાયકાત, ત્રણ વર્ષના સમયગાળામા મેળવી લેવાની શરતે જ 'અધ્યાપક સહાયક –શરતી નિમણૂક –એડ્હોક ધોરણે' તરીકે નિમણૂક અને માન્યતા આપવાની રહેશે તથા તેઓને શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ એનજીસી–૧૧૦૪–૧૬૫૭–ખ, તા.૨૫/૮/૦૫ મુજબ રૂા. ૭,૫૦૦/– ચૂકવવાપાત્ર થશે અને શરતો મુજબ નિયત લાયકાત મેળવ્યા બાદ તેઓને આપોઆપ વખતોવખતના ફેરફાર મુજબના ધારા ધોરણો અનુસાર પગાર ચૂકવવાપાત્ર થશે.**

**સંલગ્ન અને સ્વનિર્ભરતાના ધોરણે ચાલતી કોલેજો ખાતે શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવા સંદર્ભે યુ.જી.સી.દ્વારા નિયત કરાયેલ ધારા ધોરણો મુજબ પૂર્ણ લાયકાત ધરાવનારને પ્રથમ પસંદગી આપવા પણ ભલામણ કરવામા આંવે છે.**

**૫. યુનિવર્સિટી કેમ્પસ પર સ્વનિર્ભરતાને ધોરણે ચાલતા અભ્યાસક્રમો પૈકી ૫**(પાંચ) **વર્ષ – ઈન્ટિગ્રેટેડ એમ.બી.એ. તેમજ એમ.એસસી.** –સી.એ. એન્ડ આઈ.ટી.**અભ્યાસક્રમોનાં પાચમા વર્ષના અભ્યાસક્રમ ( Syllabus) મંજૂર કરવા બાબત :**

યુનિવર્સિટી કેમ્પસ પર સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા અભ્યાસક્રમો પૈકી ૫ (પાંચ) વર્ષ– ઈન્ટિગ્રેટેડ પધ્ધતિથી ચાલતા એમ.બી.એ. તેમજ એમ.એસસી.–સી.એ. એન્ડ આઈ.ટી. અભ્યાસક્રમો સંદર્ભે પાચમા વર્ષના અભ્યાસક્રમ (Syllabus) બહાલ રાખવા બાબત ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u>** **સ્વનિર્ભરતાને ધોરણે ચાલતા અભ્યાસક્રમો પૈકી ૫** (પાંચ) **વર્ષ –ઈન્ટિગ્રેટેડ એમ.બી.એ. તેમજ એમ.એસસી.** –સી.એ. એન્ડ આઈ.ટી. **અભ્યાસક્રમોનાં પાચમા વર્ષના અભ્યાસક્રમ ( Syllabus) ને આથી બહાલ રાખવામા આવે છે.**

**૬. યુનિવર્સિટી કેમ્પસ પર સ્વનિર્ભરતાને ધોરણે ચાલતા અનુસ્નાતક અભ્યાસક્રમો બંધ કરવા બાબત :**

પાના નં. :૬ : ૫૨..

યુનિવર્સિટી કેમ્પસ પર સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા અભ્યાસક્રમો પૈકી કેટલાક અભ્યાસક્રમો જેવાકે, એમ.પી.એ., આર્કિયોલોજી વગેરેમા શરૂઆતના વર્ષથી જ વિદ્યાર્થીઓની સંખ્યા બહુ મામૂલી નોંધાયેલ છે પરંતુ આ અભ્યાસક્રમો કચ્છ વિસ્તાર માટે નવો તથા તેની અગત્યતાને ધ્યાને રાખતા આજ સુધી ચલાવવામા આવી રહેલ છે. પરંતુ સદર અભ્યાસક્રમો ચલાવવા સંબંધિત ખર્ચાઓને ધ્યાને લેતાં આ અભ્યાસક્રમ આગળના વર્ષ માટે ચાલુ રાખવા કે કેમ તે અંગે ચર્ચા વિચારણા થતા સદર બાબતે સર્વે સભ્યશ્રીઓને પરિસ્થિતિથી વાકેફ કરવામા આવતા, વધતા જતા ખર્ચ, જે અભ્યાસક્રમો માટે રાજય સરકારશ્રી દ્વારા મળતુ અનુદાન, વિદ્યાર્થીઓની સંખ્યા, માન્યતા વગેરેને મધ્યે નજર રાખતા ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u>** **શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪થી એમ.પી.એ. અભ્યાસક્રમ બંધ કરવા, એમ.સી.એ. અભ્યાસક્રમ અન્વયે આગામી વર્ષ અન્વયે યોગ્ય મંજૂરીઓ મળે તો ચાલુ રાખવા સંબંધે ફેર વિચાર કરવા તથા એમ.એ.–આર્કિયોલોજી સંબંધે સરકારશ્રીને વાસ્તવિકતાની માહિતગાર કરી અભ્યાસક્રમ ચાલુ રાખવા અંગે સ્પષ્ટ યોગ્ય માર્ગદર્શન મેળવવું.**

## ૭. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગરના પરિપત્રથી માહિતગાર કરવા બાબત :

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક :જાવક નં./એસ.જી.એસ.યુ./ ૧૨ થી ૨૭ / ૨૦૧૨–૧૩ તારીખ ૦૮/૦૪/૦૧૩ મુજબ શારિરીક શિક્ષણાક અભ્યાસક્રમો અને રમત ગમત સાયન્સના વિષયો ચલાવતી કોલેજો અને નવા જોડાણો મેળવવા રજૂ કરાયેલ અરજીઓ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ થી આપોઆપ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગર સાથે જોડાશે તથા નવા જોડાણ આપવા સંબંધિત કાર્યવાહી પણ સદર યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામા આવનાર હોઈ તે સંબંધિત તમામ રેકર્ડ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગરને તબદીલ કરવાનો રહે છે. વધુમા, આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ની પરીક્ષાઓ જે તે યુનિવર્સિટીએ લેવાની રહે છે સદર પરિપત્રની જાણ કરવા કરવામા આવતા નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૭ :</u>** **સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગરના પરિપત્ર અનુસંધાને યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની રહેશે.**

## ૮. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે.....

**(૧) ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ, જી.કે.જનરલ હોસ્પીટલ, ભુજ–કચ્છ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૪થી મેડિકલ વિદ્યાશાખા અન્વયે અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો શરૂ કરવા સંબંધે CONSENT OF AFFILIATION સર્ટીફિકેટ આપવા બાબત :**

પાના નં. : ૭ : પર..

આ યુનિવર્સિટી સંલગ્ન મેડિકલ વિદ્યાશાખા અન્વયે સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ સ્વનિર્ભરતાના ધોરણે ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ,જી.કે.જનરલ હોસ્પીટલ, ભુજ–કચ્છ ખાતે ચલાવવામા આવે છે સદર ઈન્સ્ટીટ્યૂટ વતી આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫થી અનુસ્નાતક કક્ષાના બે અભ્યાસક્રમો અનુક્રમે **Anatomy & Phyaiology** શરૂ કરવા માટે નિયત નમૂનામા અરજી મળેલ છે જે અનુસંધાને અત્રેથી સ્થાનિક તપાસ સમિતિની નિમણૂક કરવામા આવતા સમિતિએ અહેવાલ રજૂ કરેલ છે. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયા, ન્યુ દિલ્હીની માન્યતા મેળવવા સંબંધે સદર કાઉન્સિલ દ્વારા નિયત કરાયેલ નમૂના મુજબ **CONSENT OF AFFILIATION** સર્ટીફિકેટ મેળવવા માટે સંસ્થા દ્વારા રજૂઆત કરવામા આવેલ હતી જે અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૮ :</u>** મેડિકલ કાઉન્સિલ **ઓફ ઈન્ડીયા, ન્યુ દિલ્હીની માન્યતા મેળવવા સંબંધે સદર કાઉન્સિલ, દ્વારા નિયત કરાયેલ નમૂના મુજબ CONSENT OF AFFILIATION સર્ટીફિકેટ આપવું.**

## (૨) યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અન્વયે સેમેસ્ટર પધ્ધતિ તથા Choices Based Credit System (CBCS)નાં અમલીકરણ અન્વયે વિવિધ મુદ્દાઓ બાબત :

આ યુનિવર્સિટી દ્વારા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ સ્મેસ્ટર પધ્ધતિ તથા Choices Based Credit System (CBCS)નાં અમલીકરણ કરવામા આવી રહેલ છે જે અન્વયે કેટલાક બાબતો જેવી કે સ્નાતક કક્ષાએ સેમેસ્ટર પ્રવેશ, આંતરિકગુણ, મધ્યસ્થ મુલ્યાંકન તથા પરીક્ષાના પરિણામ સંબંધિત થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૯ :</u>** સ્નાતક તથા **અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અન્વયે સેમેસ્ટર પધ્ધતિ તથા Choices Based Credit System (CBCS)નાં અમલીકરણ અન્વયે નીચે મુજબની વિગતે ભલામણ** કરવામા આવે છે.

**૧. જે વિદ્યાર્થી સેમેસ્ટર ૧ થી ૪મા નાપાસ હોય તો પણ તે સેમેસ્ટર–૫** (સ્નાતક કક્ષા–તૃતિય વર્ષ) **મા પ્રવેશ** આપવો, પરંતુ **અગાઉના તમામ સેમેસ્ટર પાસ કરે ત્યારેજ અંતિમ સેમેસ્ટરનુ પરિણામ જાહેર** કરવું.

**૨. સ્નાતક** કક્ષાએ આંતરિક **પરીક્ષાના ગુણ યુનિવર્સિટીની પરીક્ષા (બાહ્ય) શરૂ થયા પહેલા જાહેર કરવા.**

**૩. સ્નાતક** કક્ષાએ ગુણાંકન **પત્ર (માર્કશીટ)મા આંતરિક ગુણ તથા યુનિવર્સિટીની પરીક્ષા ( બાહ્ય)ના ગુણ** દર્શાવવા આ અમલીકરણ **જુન ૨૦૧૩ પછીની પરીક્ષા પરિણામ (સેમેસ્ટર ૧,૩,૫, અને ૭)થી કરવો.**

પાના નં. : ૮ : પર..

૪. સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ જુન ૨૦૧૩ પછીની પરીક્ષા પરિણામથી અમલીકરણમા આવે તે રીતે Choices Based Credit System (CBCS)નાં નિયમોમા યોગ્ય સુધારો કરી અંતિમ સેમેસ્ટરના પરિણામ સંદર્ભે યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ પાંચ ક્રમાંક જાહેર કરવા.

૫. સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ અંતિમ બે સેમેસ્ટર (અંતિમ વર્ષ)ની પરીક્ષા પરિણામ જાહેર કરવા સંબંધે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પધ્ધતિ અમલીકરણમા રહેશે.

૬. યુનિવર્સિટી દ્વારા ચલાવવામા આવતા બાહ્ય અભ્યાસક્રમો (External) સંબંધે રેગ્યુલર અભ્યાસક્રમો જેવી જ પરીક્ષા પધ્ધતિ, ગત તારીખ ૨જી મે ૨૦૧૨ના રોજ મળેલ એૅકડેમિક કાઉન્સિલની બેઠકના ઠરાવ ક્રમાંક : ૮: દ્વારા સ્વીકારવામા આવેલ હોઈ, ઉક્ત ક્રમ ૧ થી ૫ મુજબની બાબતે બાહ્ય અભ્યાસક્રમો (External) સંબંધે લાગુ પડતી હોય તો તેનુ પણ અમલીકરણ કરવાનુ રહેશે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભા પૂર્ણ જાહેર કરવામાં આવી...